Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ

भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैस्तेजःप्रकाशैः कुमतिभिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचि हृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरतु भुवने वीरभानुप्रभावात् ॥

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક : ૬૩ અંક : ૯
અષાઢ : વીર સં. ૨૪૯૨ : આત્મ સં. ૭૦ : વિ. સં. ૨૦૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ લેખ | લેખક | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ જિનવાણી | — | ૧૬૧ |
| ૨ શ્રાવક સંસાર | અભ્યાસી | ૧૬૨ |
| ૩ અહિંસા | ચત્રભુજ જેચંદભાઈ | ૧૬૩ |
| ૪ યોગ અને ભોગ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૬૨ |
| ૫ સ્વ. પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી | શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ | ૧૭૩ |
| ૬ સમાનનામક મુનિવરો | પ્રો. હીરાલાલ ર. કાપડીયા ( એમ. એ. ) | ૧૭૫ |



ગ્રામ : "Jahangir"

ફોન : મીલ : ૪૨૮૦
બંગલો : ૪૩૨૮

**ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું.લી.**

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઇ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠશ્રી ચંદુલાલ નગીનદાસ ભાંખરીઆ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ શ્રી ચંદુલાલ નગીનદાસ ભાંખરીઆ

## [ સંક્ષિપ્ત જીવન ]

શેઠ શ્રી ચંદુલાલ નગીનદાસ ભાંખરીઆ તે પ્રસિદ્ધ ચાની મોટી વેપારી પેઢી ભાંખરીઆ બ્રધર્સ નામે ઓળખાય છે તેના એક ભાગીદાર છે. તેમના પિતૃઓ મૂળ ઊંઝા ગામ પાસે ભાંખર ગામના રહેવાસી હોવાથી તેમની અટક ભાંખરીઆ પડી છે. તેમના પિતાશ્રી નગીનદાસે નાની ઉંમરે મુંબઈ આવી ચાનો ધંધો શરૂ કર્યો હતો. તેઓ સ્વ. આ. બુદ્ધિસાગરસૂરિજીના ગુરુ રવિસાગરજી મહારાજના પરમ ભક્ત હતા. તેઓ જીવનમાં ન્યાય, નીતિ, પ્રમાણિકતા, અમીરાત સાથે ધર્મનિષ્ઠા અને જાત મહેનતના કારણે વેપારમાં સારી રીતે આગળ વધેલા. તેમને કેટલોક વખત કાંઇ સંતાન હતું નહિ. પણ એક વખત તેઓ શ્રી કેશરીઆજીની યાત્રાએ ગયેલા. ત્યાં શ્રદ્ધા અને ભક્તિપૂર્વક શ્રી કેશરીઆનાથના દર્શન પૂજન કર્યા, અને મધ્ય રાત્રીએ કેશરીઆનાથના ફૂલ પગર ભરેલ સંગીતની બેઠકમાં એવા તલ્લીન થયા કે ચમત્કારિક રીતે શેઠજીના ખોળામાં ભગવાનના મુકુટના છ પુષ્પો આવી પડયા અને પરિણામે તેમને ત્યાં છ પુત્રોનો જન્મ થયો. તેમનાં નામો અમથાલાલ, મણિલાલ, ચંદુલાલ, મોહનલાલ, ચિમનલાલ અને પોપટલાલ છે. તેઓમાં સભાના થયેલ પેટ્રન શ્રી ચંદુલાલભાઈનો જન્મ સં. ૧૯૫૫ના ભાદરવા વદ ૧૧ મહેસાણામાં થયેલો છે.

તેમના પિતાશ્રીએ ગુરુ ઉપદેશથી મહેસાણાથી કેશરીઆજીનો છ'રી' પાળતો સંઘ કાઢેલો અને મહેસાણામાં એક પ્રભુપ્રતિષ્ઠા કરાવી આખું મહેસાણા ગામ જમાડેલું. તેઓ ૬૫ વર્ષની ઉંમરે સં. ૧૯૬૯ અશાડ વદ ૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા અને તેમના માતુશ્રી નાથીબાઈ સં. ૧૯૭૩ના આસો માસમાં સ્વર્ગવાસી થયા.

શ્રી ચંદુભાઇ અને તેમના સર્વ ભાઇઓ સ્વ. આ. બુદ્ધિસાગરજી મહારાજના એવા પરમ ભક્ત કે તેઓ ભાંખરીઆને બદલે 'બુદ્ધિસાગરીઆ' તરીકે પણ ઓળખાય છે. પૂ. આ. બુદ્ધિસાગરજીની હયાતીમાં 'જૈન ધર્મ અને લાલા લજપતરાય' નામે ગ્રંથ ભાંખરીઆ ભાઇઓની સહાયથી છપાયેલ અને યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ગ્રંથ પ્રકાશનમાં ભાંખરીઆ ભાઇઓએ રૂ. ૫૦૦૦) આપી અપૂર્વ ઉત્સાહ દર્શાવેલ. શ્રી ચંદુલાલે સ્વ. આ. બુદ્ધિસાગરજીના પરમ ભક્ત તરીકે મહેસાણામાં પૂ. બુદ્ધિસાગરજીની પાદુકા પધરાવી તે પ્રસંગે નવકારશી જમણ આપેલ. તથા મુંબઇ માટુંગા ઉપાશ્રયમાં પૂ. આ. બુદ્ધિસાગરજીની મૂર્તિ પધરાવેલ છે. તેમજ સાણંદમાં પૂ. આ. બુદ્ધિસાગરજીની મૂર્તિ ચાલુ વર્ષમાં પધરાવી છે અને અમદાવાદમાં પણ પૂજ્ય ગુરુ મહારાજની મૂર્તિ પધરાવવા ભાવના ધરાવે છે. તેઓ સ્વ. આ. શ્રી બુદ્ધિસાગરજીના શિષ્ય રત્નો પૂ. આચાર્યશ્રી કીર્તિસાગરજી તથા અધ્યાત્મનિષ્ઠ પૂ. આચાર્ય કૈલાસસાગરજી મહારાજના પરમ ભક્ત છે. ઘંટાકર્ણદેવની સ્થાપના માટુંગા મંદિરમાં કરવામાં સર્વ બંધુઓએ આગળ પડતો ભાગ લીધો છે. શ્રી ચંદુલાલભાઇએ મુંબઇ કોટમાં જૈન દેરાસરની તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




કોટ જૈન મિત્રમંડળના ટ્રસ્ટી તરીકે ઘણી સેવા કરી છે. અને હાલ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના ટ્રસ્ટી તથા ખજાનચી તરીકે ઘણી સેવા આપી રહ્યા છે. તેઓશ્રી સેવા સાથે ઘણી ઉદારતાપૂર્વક સખાવતી કાર્યો કરતા રહે છે. માટુંગામાં તેમના બંધુ મણિભાઇ તરફથી આયંબીલ ખાતું ચાલે છે અને આસો માસની ઓળીના આસો વદ ૧ ના પારણા દરવરસે શ્રી ચંદુભાઇ તરફથી થાય છે. તેમના જન્મ સ્થાન મહેસાણામાં તેમના સ્વ. પિતાશ્રીના નામે સાર્વજનિક દવાખાનું ચાલે છે. તેમની ઉપરની તેમજ અન્ય સખાવતો મળી એક લાખ ઉપર થવા જાય છે. થાણામાં પ્રભુજીની પ્રતિષ્ઠા પણ કરેલ છે.

શ્રી ચંદુલાલભાઇને પરિવારમાં બે પુત્રો હસમુખ અને પ્રદીપ છે તથા બે પુત્રીઓ સુશીલા અને નિરંજના છે. ચાના વેપારમાં તેમણે ઘણી જ મોટી પ્રતિષ્ઠા મેળવી ભાંખરીઆ બ્રધર્સ નામને લોકપ્રસિદ્ધ કરેલ છે. તેમની મુંબઈ અમદાવાદ મહેસાણા વિગેરે ઘણે સ્થળે શાખાઓ અને ઓફીસો આવેલી છે.

આવા ઉદાર દીલના ધર્મનિષ્ઠ ભક્તિપરાયણ સેવાભાવી શ્રી ચંદુલાલ ભાંખરીઆ આ સભાના જૈન સાહિત્ય પ્રકાશનના સેવાભાવી કાર્યથી પ્રેરાઇ પેટ્રન થયા છે તે માટે તેમનો આભાર માનીએ છીએ. તેઓશ્રી દેવ ગુરુ ધર્મની ભક્તિ કરવા તથા આત્મકલ્યાણ સાધવા તથા સમાજના ઉત્કર્ષ અર્થે તેમના કુટુંબની ન્યાય નીતિ પ્રણાલિકા પૂર્વક મેળવેલ લક્ષ્મીનો વિશેષ સદ્વ્યય કરતા રહે, અને તેઓશ્રી તંદુરસ્તીપૂર્વક દીર્ઘાયુષ્ય ભોગવે અને દરેક રીતે જીવનસાફલ્ય કરે-તેવી અમે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૬૩ ] જુલાઈ ૧૯૬૬ [ અંક : ૯

# જિનવાણી

कोहं माणं च मायं च
लोभं च पाववड्ढणं ।
वमे चत्तारि दोसे उ
इच्छन्तो हियमप्पणो ॥

પોતાના આત્માનું હિત ઇચ્છતા મનુષ્યે પાપને વધારનારા ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર દોષોને ત્યજી દેવા જોઇએ.

कोहो पीइं पणासेइ
माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ
लोभो सव्वविणासणो ॥

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયગુણનો નાશ કરે છે, શઠતા-કપટ મિત્રોનો નાશ કરે છે અને લોભ તમામ સદ્‌ગુણોનો નાશ કરે છે.

उवसमेण हणे कोहं
माणं मद्दवया जिणे ।
मायं चाज्जवभावेण
लोभं संतोसओ जिणे ॥

શાંતિના ગુણને કેળવીને ક્રોધને હણવો, મૃદુતાના ગુણને કેળવીને અહંકારને જિતવો, સરળતાના ગુણને કેળવીને કપટને જિતવું અને સંતોષના ગુણને કેળવીને લોભ ઉપર જય મેળવવો.

પં. બેચરદાસ : મહાવીરવાણી : ગાથા ૧૪૪-૧૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાવક સંસાર

[ હરિગીત ]

જ્યાં સર્વદા ઉપયોગ સાથે સત્પ્રવર્તન થાય છે,
પરમાર્થ કરવા પ્રેમથી હૃદયેથી ખંત ધરાય છે;
નીતિ તણા શુભ માર્ગમાં મન હર્ષ થાયે જ્યાં ઘણો,
દુઃખહાર ને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૧

સમ્યક્ત્વ સાધે સર્વથી નવ ગર્વ જ્યાંહિ ધરાય છે,
મદ ધારીને ઉન્મત્ત થાતા ચિત્ત સંકોચાય છે;
જ્યાં ધીરતાથી ધારતા જે ધર્મ સારો આપણો,
દુઃખહાર ને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૨

સૌ સ્નેહથી સાથે મળે ઈર્ષ્યા ન ધારે આપથી,
ધરી સંપ સાધે કાર્ય સઘળા ઐકયતાની છાપથી;
મન ટેક રાખે એમ જે કર્તવ્યને પહેલું ગણો,
દુઃખહાર ને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૩

સાધર્મી બંધુને સદા જે મદદ આપે માનથી,
ગુરુભક્તિમાં આસક્તિ રાખી જ્યાં રહે એકતાનથી;
નિશ્ચે કરે જે કામ ક્રોધાદિ રિપુ સઘળા હણો,
દુઃખહાર ને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૪

વિદ્યા વિનોદે કાળ સઘળો જ્યાં પસાર કરાય છે,
ગુણ દેખતાં તત્કાળ જ્યાં મન સર્વથી જ હરાય છે;
સુવિચાર આવે નિત્ય મનમાં ધારી તેવા રજકણો,
દુઃખહાર ને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૫

અભ્યાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસા

લેખક :—**શાહ ચતુર્ભુજ જેચંદ**

જૈન ધર્મમાં આચાર પ્રધાન મનાતા પાંચ વ્રતોમાં અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યનું વિશેષ મહત્વ છે. બીજા બે વ્રતો અચૌર્ય અને પરિગ્રહત્યાગનું મહત્વ છે. પણ તે સ્થૂલ પદાર્થ વિષયક વ્રતો છે અને તેનું પાલન સહેલું છે. જ્યારે અહિંસા સત્ય અને બ્રહ્મચર્ય વ્રતો સ્થૂલ તેમજ સૂક્ષ્મ દ્રષ્ટિએ વિશેષ મુશ્કેલ છે અને તેનું પાલન આત્મહિત દ્રષ્ટિએ વિશેષ વિચારણા માગે તેવું છે. તેથી આ લેખમાં પ્રથમ અહિંસા ઉપર વિચાર કરશું.

અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય જુદા જુદા વ્રતો હોવા છતાં પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે. તેમાં કોઇ પણ એક વ્રતનું સંપૂર્ણ પાલન બીજા વ્રતના પાલન સિવાય શક્ય નથી. અહિંસાનું પાલન કરનાર બીજા કોઇનું અહિત કરે તેવું વચન બોલે નહિ કે બ્રહ્મચર્યના ખંડનરૂપ મૈથુન સેવન કરે નહિ. તેવીજ રીતે સત્ય અને બ્રહ્મચર્યનું પાલન કરનારે અહિંસાનું પાલન કરવું જ જોઇએ. સત્યનું પાલન કરનાર ધર્મના નામે પણ કોઇપણ જીવની હિંસા થાય તેવું કૃત્ય કરે નહિ, કોઇની પણ હિંસા કે અહિત થાય તેવું વચન બોલે નહિ, કે ધર્મના નામે પણ જુઠી કલ્પિત માન્યતાનો પ્રચાર કરે નહિ. સંપૂર્ણ બ્રહ્મચર્યના પાલન સિવાય સત્ય અને અહિંસાનું પાલન શક્ય નથી. મૈથુન સેવન એવો પ્રગટ દોષ છે કે તેના સેવનથી બીજા સઘળા વ્રતોનો ભંગ થાય છે. સ્ત્રી-પુરૂષના એક વખતના મૈથુન સંયોગથી લાખો એકેન્દ્રિય બેઇન્દ્રિય જીવોની હિંસા થાય છે તે શાસ્ત્રસિદ્ધ તેમજ વિજ્ઞાનસિદ્ધ છે. હવે પ્રથમ અહિંસા ઉપર વિચાર કરીએ.

તત્વાર્થસૂત્રમાં હિંસાની વ્યાખ્યા **प्रमत्तयोगात् प्राणव्यपरोणं हिंसा** કરવામાં આવી છે. તેનો અર્થ પ્રમાદના યોગથી થતો જે પ્રાણવધ તે હિંસા થાય છે. ક્રોધાદિક કષાય ઇંદ્રિયોના વિષયોપભોગ, બેદરકારી, હિંસાપ્રેરક કથાઓ વિગેરે કારણે કોઇ જીવની હિંસા થાય તેને હિંસા કહી છે. જીવના પાંચે ઇન્દ્રિયો, મન-વચન-કાયા બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ જીવન ધારણ માટે દશ પ્રાણો પૈકી કોઇ એકનો નાશ કરવામાં આવે તેને પણ હિંસા કહી છે. જીવના આયુષ્યનો ઘાત વધ ઉપરાંત ઉપરના બીજા પ્રાણોના નાશની હિંસા વધારે સૂક્ષ્મ વ્યાપક છે. દરેક જીવાત્માને શરીર હોય છે જ અને તેની ગતિ જાતિ અનુસાર ઇન્દ્રિયાદિક હોય છે. તે કોઇનો પણ નાશ કરવામાં આવે તે પ્રાણનાશનો એક ભાગ છે. કોઇ જીવનો સર્વથા વધ કરવામાં આવે તે મરણ જેવું કોઇ દુઃખ નથી, તેમ તેને અપંગ, આંધળો, બહેરો, મુંગો કે ચિત્તભ્રમિત કરવામાં આવે, તેને જીવનભર અશક્ત કરવામાં આવે તે દુઃખ વેદના જીવનભર ચાલે છે. તેથી ઘણીવાર તેનો જીવનવિકાસ આત્મવિકાસ અટકી જાય છે એટલું જ નહિ પણ જીવનભરની વેદના સ્મરણથી બંધાતા કષાયોથી જીવ ઘણી અધોગતિને પામે છે. સંપૂર્ણ પ્રાણવધથી થતી મરણવેદના ઘણી કારમી છતાં થોડો વખત દુઃખ આપે છે, જ્યારે ઇન્દ્રિયાદિક પ્રાણનાશની વેદના જીવનભર રીબાવે છે. તેવું જૈન ધર્મની અહિંસાનું વિશિષ્ટ સૂક્ષ્મ વ્યાપક સ્વરૂપ છે.

પ્રમાદના કારણથી થતી હિંસાને હિંસા કહી છે. સાવધાની જાગૃતિપૂર્વક હિંસા થાય નહિ તેમ ગમનાદિ પ્રવૃત્તિ કરવા છતાં કોઈ જીવની અજાણતા કે અકસ્માત હિંસા થઇ જાય તેને શાસ્ત્રમાં હિંસા કહેલ નથી. તેમ કરવામાં આવે નહિ તો જીવનની કોઇ પ્રવૃત્તિ ધર્મવ્યવહાર ટકી શકે નહિ. તેમાં પણ ગૃહસ્થો સ્થૂલ અથવા અમુક અંશે જ અહિંસાનું પાલન કરી શકે છે. જ્યારે સંયમધારી સાધુઓ અહિંસાનું સ્થૂલથી સર્વથા પાલન કરી શકે છે. અને આત્મદ્રષ્ટિ જેટલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિકસિત તેટલું સૂક્ષ્મ પણ પાલન કરી શકે. ગૃહસ્થોને જીવન નિર્વાહ માટે કોઇને કોઇ ધંધાકીય પ્રવૃત્તિ કરવી પડે છે. જીવનધારણ માટે આહારાદિક ખાનપાન વસ્ત્ર ધારણ ગૃહવાસ વિગેરે શરીરને લગતી આવશ્યક પ્રવૃત્તિ કરવી પડે છે. તેમાં જીવોની હિંસા થાય તે દોષ હોવા છતાં ઇરાદાપૂર્વક અથવા જરૂર વગરના મોટા આરંભ સમારંભપૂર્વક કામધંધાથી થતી હિંસાના પ્રમાણમાં તે અલ્પદોષ છે. જેમ બને તેમ જીવોની ઓછી હિંસા થાય તેમ જીવન પ્રવૃત્તિ ચલાવવાની, ઉદ્યોગધંધા અને ગમનાદિક પ્રવૃત્તિ કરવાની દરેક આત્મશ્રેયાર્થી ગૃહસ્થની ફરજ છે. પણ આ કાળમાં તે સંબંધે ઘણીજ મુશ્કેલી છે. પ્રાચીનકાળના હાથ ઉદ્યોગથી ચાલતા અલ્પારંભી કામધંધા તથા સાદા જીવનને કારણે અહિંસાનું પાલન સુલભ હતું. પણ હાલના યાંત્રિક બળથી ચાલતા લગભગ દરેક કામ ધંધા ઉદ્યોગ, મોજશોખના વધી પડેલ સાધનો, રેલ્વે મોટર સ્ટીમર હવાઇ જહાજના મુસાફરી માટેના સાધનો વિગેરેથી એકેન્દ્રિયાદિક જીવોની કલ્પી શકાય નહિ તેવી ઘોર હિંસા ચાલી રહી છે. ધાર્મિક ક્ષેત્રે પણ હાલના યંત્રબળથી ચાલતા ઘણા સાધનોનો ઉપયોગ થઇ રહ્યો છે. હાલની લગભગ દરેક પ્રવૃત્તિમાં હાલના યાંત્રિક સાધનોથી થતી ઘોર હિંસાનો ભાગ્યેજ કોઈ વિચાર કરે છે. પાવાપુરી જેવા તીર્થમાં જળમંદિરમાં દીવાળીના દીવસોમાં રાત્રીના વીજળી પ્રકાશથી અસંખ્ય લાખો કરોડો જીવાતની થતી હિંસા ઘણાએ નજરે જોઇ હશે. જ્યાં ધાર્મિક ક્ષેત્રે આવો અવિવેક ચાલતો હોય ત્યાં સંસારિક ક્ષેત્રે ચાલતી હિંસાનો કોણ વિચાર કરે! અહિંસા અને જીવદયા ફક્ત માનવજાત અને બહુતો થોડા પશુપક્ષી પૂરતીજ પાળવાની હોય તેમ હાલની સ્થિતિ છે. આ વિપરિત વિષમ કાળમાં આત્મશ્રેયાર્થી જનોએ અહિંસાનું પાલન કેમ વધારે થાય તે વિષે વિશેષ જાગૃત રહેવાની ફરજ છે, અને ધર્મગુરુઓએ તે બાબત કાંઇ વિશેષ થઇ શકે નહિ તો પણ લોકોને હાલના યાંત્રિક સાધનોથી થતી ઘોર હિંસાનું ભાન કરાવવાની અને જીવનમાં યાંત્રિક સાધનોથી મળતા સુખ સગવડોનો જેમ બને તેમ ત્યાગ કરવાનો ઉપદેશ આપવાની જરૂર છે. પાંચ વ્રતોમાં પ્રથમ સ્થાન પામનાર અહિંસાવ્રતના આજીવન ઉપાસક જૈન ધર્મગુરૂઓએ લોકો અહિંસાનું હાર્દ સમજે, તેનું પાલન ઓછું થાય તો પણ હાલના ઘોર હિંસાના વ્યાપક સ્વરૂપ વિષે જાગૃત રહે, અને જીવનમાં એક વખત તેમાંથી પશ્ચાતાપપૂર્વક પાછા હઠવાની વૃત્તિ રાખે તેમ સર્વ જીવોના આત્મકલ્યાણ અર્થે સુરૂચિ–મેળ–શૈલીથી સતત ઉપદેશ આપતા રહેવાની જરૂર છે. હાલમાં ચાલતી ધર્મની વધારે પડતી દ્રવ્યક્રિયાઓ ઉપર ભાર આપવાને બદલે અહિંસાના ભાવનાત્મક ઉપદેશથી જે કાંઈ હિંસામય પ્રવૃત્તિ ઓછી થાય તેમાં સર્વ પ્રાણીઓનું કલ્યાણ છે. ધાર્મિક ક્ષેત્રે મોટે ભાગે અવિવેક અજ્ઞાનના કારણે હિંસા થાય છે. તેનો એક દાખલો સિદ્ધાચળ ગિરિરાજ ઉપર આદીશ્વર દાદા વિગેરે ભગવાનની મૂર્તિને ચડાવાતા સોયથી વીંધેલા પુષ્પોની ઢગલાબંધ માળાઓ છે. પુષ્પપૂજાનું મહત્વ ઘણું છે. પણ સોયથી વીંધેલા પુષ્પોની માળા અહિંસાના ઉપદેશક ભગવાન ઉપર ચડાવાય નહિ એટલો વિવેક રાખવાની અને ધર્મગુરૂઓએ તે બંધ કરાવવા ઉપદેશની જરૂર છે. જ્ઞાન વગરની ક્રિયા ઉપર વધારે પડતા ભારને કારણે ધાર્મિકક્ષેત્રે એવા અવિવેક અજ્ઞાન ભરેલી ઘણી પ્રવૃત્તિ ચાલે છે અને નાના એકન્દ્રિયાદિક જીવોની વિના કારણ હિંસાના ઘણા દાખલા મળી આવે છે. યોગ્ય જ્ઞાન સમજણ મળે તો સહેલાઈથી તે ઘણું સુધરી શકે તેવું છે.

હવે આત્મદૃષ્ટિથી હિંસા અહિંસાનો વિચાર કરીએ જીવ માત્રને સુખ જોઇએ છે. દુઃખ કોઇને પણ જોઇતું નથી. પણ આ સંસારમાં જીવન સાથે મરણ અનિવાર્ય રીતે સંકળાએલું છે. અને જ્ઞાની પુરૂષોએ કહ્યું છે તેમ અને આપણે પણ પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ કે મરણ જેવું એક પણ કારમી વેદના દુઃખ નથી દરેક જીવને આપણી માફક જ આત્મા



For Private And Personal Use Only

અને શરીર છે. ફેર ફક્ત ગતિ જાતિ ફેરના કારણે ઓછા વધતા વિકાસનો છે. કોઇ પણ જીવ પોતાનું મરણ ઇચ્છતો નથી, ઉલટું મરણ નીપજે તેવી સ્થિતિથી દૂર ભાગવા નાસવા મથે છે. અન્ય ઓછી સંજ્ઞાવાળા જીવો કરતાં મનુષ્યને પોતાના જીવન મરણનું વિશેષ ભાન છે. દરેક મનુષ્ય પોતાના આ દેહનું મૃત્યુ મરણ એક વખત અનિવાર્ય આવવાનું માને છે. તે મરણાંતિક દુઃખ વેદના કેવા છે તે સહેજે સમજે છે. પણ પોતાને તેવુ કાંઇ થાય નહિ તેમ તે ઇચ્છે છે. પોતે હિંસાદિક પ્રવૃત્તિથી બીજાને જાણે અજાણે મરણાંતિક દુઃખ આપે અને પોતાને તેવું કોઈ દુઃખ ભોગવવું પડે નહિ તે કેમ બને ? છતાં તે એમજ ઇચ્છે છે. એવી ઇચ્છા છતાં મરણાંતિક દુઃખવેદના ભોગવવાના જ છે. તેમ તે જાણે છે. પણ તે મૃત્યુ તેના કાળક્રમે સ્વાભાવિક કારણોથી થતું હોય તો મનુષ્ય તેની બહુ ચિંતા કરતો નથી. પોતાનું મૃત્યુ અકાળે અથવા બીજા કોઇના હાથે નિમિત્તે થાય નહિ તેમ ઇચ્છે છે. છતાં તેવું કોઇ મૃત્યુ અથવા મૃત્યુભય આવી પડે ત્યારે તે કારમી વેદના દુ;ખ અનુભવે છે. તે વિચારીએ ત્યારે મનુષ્યને મૃત્યુ અનિવાર્ય માનવા છતાં જીવન કેટલું વહાલું છે તે સમજાશે. સંસારી દરેક જીવને મૃત્યુ અત્યંત દુઃખદાયક છે. એ દુઃખની પરિસિમા જ્યારે જીવનનો બીજાના હાથે ઘાત નાશ થાય ત્યારે અનેક ગણી વધી જાય છે. પોતાના કે બીજાના નિમિત્તો પ્રયોજને કોઇ જીવનો ઘાત નાશ થાય નહિ તેનું નામ અહિંસા. જીવને મૃત્યુ જેવો કોઈ મહાભય નથી અને અહિંસા જેવું કોઇ અભયદાન નથી. ઉપર પ્રમાણે વિચાર કરનાર કોઇપણ સમજુ મનુષ્ય અન્ય જીવોનો પ્રાણનાશ હિંસા થાય તેવુ કોઈ કૃત્ય કરવાનું ઇચ્છે નહિ. પોતાનાજ જેવો બીજા જીવને પણ આત્મા છે, પોતાને મરણ સમયની જે વેદના દુઃખ થાય તેમ બીજાને પણ થાય છે, પોતાની માફકજ બીજા દરેકને જીવનનું સુખ જોઇએ છે, મરણનું દુઃખ કોઇને પણ જોઇતું નથી, એટલું સમજનાર आत्मवत् सर्वभूतेषु परेषाम् यः समाचरेत् એ સૂત્રની ભાવના અનુસાર વર્તશે. તે કદાચ અન્ય જીવોને સુખ આપી શકે નહિ તો પણ પોતાના કારણે અન્ય કોઇને દુ ખ થાય નહિ અથવા જેમ બને તેમ ઓછી હિંસા દુઃખ થાય તેમ વર્તશે. અહિંસાની ભાવના એક રીતે નિષેધાત્મક છે પણ તેનું મહત્વ ઘણુંજ છે. હિંસા-અહિંસાનું સ્વરૂપ સમજ્યા વગર જીવદયાનું સ્વરૂપ સમજાય નહિ. અનાદિ કાળના આ સંસારના મહા કારમા દુઃખના મૂળિયાં રાગદ્વેષજનિત હિંસાદિક પ્રવૃત્તિ છે. હિંસા સૌને માટે સ્વપર દુઃખદાયક અધોગતિદાયક છે. એટલું સમજાય તો હિંસાત્મક પ્રવૃત્તિ બંધ કરી અહિંસા, જીવ માત્ર પ્રત્યે પ્રેમ દયા ભાવ વિગેરે ઉંચી ભાવના દ્વારા આધ્યાત્મિક વિકાસ સાધી શકાય.

અહિંસાના બે પાસા છે. એક કોઈપણ જીવને દુઃખ થાય નહિ તેમ હિંસાના ત્યાગરૂપ નિષેધાત્મક પાસું છે. બીજું જીવ માત્ર પ્રત્યે આત્મવત્ પ્રેમ દયા કરૂણા મૈત્રીભાવપૂર્વક સુખ આપનાર કલ્યાણ સાધક વિધેયાત્મક પાસુ છે. પણ પ્રથમ જીવ હિંસાના ત્યાગ અથવા અહિંસાના પાયા ઉપરજ જીવદયાની ઇમારત ચણી શકાય. જેને સર્વ જીવો પ્રત્યે દયા ભાવ છે અને તેમનું સુખ કલ્યાણ સાધવું છે તે જેટલી હિંસા ઓછી કરે તેટલીજ જીવદયા સાધી શકે. અહિંસાની ઉપેક્ષા કરીને વાસ્તવિક જીવદયા સાધી શકાય નહિ. અન્ય જીવોને સુખી કરવા જીવદયાનું સક્રિય પાલન હંમેશાં મર્યાદિત રહેવાનું. જ્યારે હિંસાત્મક પ્રવૃત્તિના ત્યાગરૂપ અહિંસાનું પાલન સર્વ જીવો પ્રત્યે આચારી શકાય તેવું અમર્યાદિત છે. અન્ય જીવોની હિંસા થાય નહિ અથવા જેમ બને તેમ ઓછી થાય તે રીતે જીવન જીવવું એ દરેકને માટે સ્વાધીન શક્ય છે. જ્યારે અન્ય સર્વ જીવો પ્રત્યે દયા બતાવવી, તેમના દુઃખદર્દો દૂર કરવા, તેમના શરીર અને આત્માનું કલ્યાણ થાય તેમ ઉપાયો યોજવા તે ગમે તેવા સમર્થ શક્તિશાળી ચક્રવર્તી તીર્થંકર જેવાને માટે પણ દુઃસાધ્ય છે. કારણ સુખદુઃખ એ દરેક જીવને પોતાની ગતિ જાતિ અનુસાર પ્રાયઃ પોતપોતાના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્માધીન છે. સુખ આપવા માટે બીજાઓ નિમિત્ત રૂપ બની શકે. સુખપ્રાપ્તિ માટે બીજા ગમે તેટલા ઉપદેશ સલાહ સહાય આપે પણ કેટલાકના નસીબ જ એવા ફૂટેલા હોય છે કે તેને સુખ પ્રાપ્ત થાય જ નહિ. લોકોને સુખના માર્ગે લઇ જવા ઘણા તીર્થંકરો, પયગંબરો, ધર્માત્માઓ ચક્રવર્તીઓ થઇ જવા છતાં અને તેમના ઘણા ઘણા ઉપદેશ પ્રયાસ છતાં સર્વ પ્રાણીઓનું તો શું, સઘળા મનુષ્યો કે મોટા ભાગના મનુષ્યોનું પણ સુખ કોઇ કાળે કોઇથી સાધી શકાયું નથી. કારણ સુખ કે દુઃખ એ પ્રાયઃ દરેકને પોતપોતાના કર્મને આધીન છે. બીજાઓ ફક્ત નિમિત્ત સહાયરૂપે કામ કરી શકે છે. જ્યારે અહિંસાનું પાલન સ્વાધીન હોઇ પોતાના આત્મવિકાસ અનુસાર સર્વત્ર સર્વ જીવો પ્રત્યે થઇ શકે છે. કોઇ પણ જીવની હિંસા થાય નહિ તે રીતે સર્વ શ્રેષ્ઠ યોગી પુરૂષો જીવન જીવી શકે છે. જ્યારે દરેક જીવને સુખી કરવાનું ગમે તેવા મહાયોગી માટે પણ શક્ય નથી. એ મર્યાદા સમજાય તો જૈન ધર્મમાં અહિંસાને કેમ પ્રાધાન્ય આપેલ છે તે સમજાશે આ લોકમાં સર્વ દુઃખનું મૂળ હિંસા છે. સર્વત્ર સર્વ જીવોમાં સર્વ પ્રત્યે અહિંસાનું સ્થાપન થાય અન્યને દુઃખ દેવા રૂપ હિંસાનો ત્યાગ થાય તો સર્વત્ર સુખનું સામ્રાજ્ય સ્થપાય. જ્યાં જ્યાં દુઃખ અને દુઃખ દેવા રૂપ કારણોનો અભાવ હોય છે ત્યાં હંમેશાં સુખ હોય છે અને પૌદ્ગલિક ઘણા ઘણા સુખ સાધનો છતાં ઘણું દુઃખ અનુભવાય છે. આત્મ–અનાત્મક તત્ત્વની, ચૈતન્ય અને જડ તત્ત્વની સૂક્ષ્મ વિચારણા કરવામાં આવે તો ચૈતન્ય આત્માતત્ત્વ હંમેશા શાશ્વત સુખ સ્વરૂપી છે અને જડ અનાત્મક પુદ્ગલ તત્ત્વ કેટલીકવાર શારીરિક માનસિક સુખરૂપ લાગે છતાં નિત્ય પર્યાયશીલ સુખ કરતાં પ્રાયઃ દુઃખ સ્વરૂપી છે.

પણ એકલી નિષેધાત્મક અહિંસાથી દુનિયાનો વ્યવહાર ચાલે નહિ. વ્યક્તિ વિશેષે અહિંસાનું સંપૂર્ણ પાલન શક્ય છે પણ તેથી બીજાના સુખ-રૂપ વિકાસ સુખી જીવન વ્યવહાર માટે ઉપકારક થવાય નહિ. આ પહેલાના જેઠ માસના અંકમાં **परस्परोपग्रहो जीवानाम्** સૂત્ર ઉપરના લેખમાં વિવેચન કરી જીવોનું કાર્ય એક બીજાને મદદરૂપ ઉપકારી થવા દર્શાવેલ છે. એક બીજા જીવો વચ્ચે પ્રેમભાવ, મૈત્રીભાવ, કરૂણાભાવ હોય તો, અથવા અહિંસાને વિધેયાત્મક દ્રષ્ટિએ વિચારતાં જીવદયા ભાવ હોય તો તે સાર્થક થઇ શકે. દયાભાવ વગરની અહિંસા નિર્ગુણી બની જાય. પશુ પક્ષીઓ અને નાના ક્ષુદ્ર જંતુઓ પણ ઘણીવાર એક બીજાને મદદરૂપ થઇને જીવન વ્યવહાર ચલાવે છે. તો શક્તિશાળી ઘણી સમજણ વિવેક બુદ્ધિ ધરાવતા મનુષ્યોએ પોતાની શક્તિ અનુસાર બીજાને મદદરૂપ થવા સમજાવવાની જરૂર નથી. તેવી રીતે ઘણા શક્તિશાળી સુખી મનુષ્યો પોતાના દ્રવ્યાદિક સાધનોનો બીજા મનુષ્યો અને પ્રાણીઓના દુઃખ દૂર કરવા અને તેમનો જીવનવ્યવહાર સુખી બનાવવા ઉપયોગ કરે જ છે. સાધુ સંત પુરૂષો પાસે લક્ષ્મી ધન ન હોય પણ વિદ્યાધન જ્ઞાન બળ ઘણું હોય છે તેનો ઉપયોગ બીજાને સુખ સાધવા માર્ગનો ઉપદેશ આપવામાં કરે છે. આ દુઃખી સંસારમાં જીવોને સન્માર્ગે લાવવા તેમનું આત્મકલ્યાણ રૂપ પરમશ્રેય સાધવા અત્યંત કરૂણાભાવ પેદા થાય ત્યારે તીર્થંકર નામ કર્મ બંધાય છે, નિકાચિત થાય છે અને સમવસરણમાં પ્રવચન દેશના રૂપે ધર્મ તીર્થ સ્થાપના રૂપે વેદાય છે. તીર્થંકર ભગવંતોના ઉપકારની કોઇ તુલના થઇ શકે તેવું નથી. તેમના જીવનમાં સર્વ જીવો પ્રત્યે અહિંસા અને કરૂણાભાવ રોમેરોમમાં વ્યાપ્ત હોય છે. એવા તીર્થંકર ભગવંતોનું શાસન પામીને આપણે દુઃખી જીવોને મદદ કરવા, તેમને સન્માર્ગે લાવવા યથાશક્તિ દયાભાવનું પાલન કરીએ તે યોગ્યજ છે. પણ અગાઉ કહ્યું તેમ સર્વ જીવો અંતે પોતપોતાના કર્મને આધીન હોવાથી આપણી ગમે તેવી પરોપકાર બુદ્ધિ હોય, બીજાના દુઃખો દૂર કરવાની અને તેમને સુખ આપવાની ગમે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેવી ઉન્નત ઉદાર ભાવના હોય, છતાં વ્યવહારમાં તેનો અમલ મર્યાદિત જ થઇ શકે. તે મર્યાદામાં રહીને ઘણા જીવોને ઘણાં સુખ આપી શકાય છે, દુઃખદાયક માર્ગેથી બચાવીને ઘણાને સન્માર્ગે ચડાવી શકાય છે, મૈત્રી પ્રેમ કરૂણા ભાવપૂર્વક મીઠાશભર્યાં વચન વર્તનથી ઘણાના દુઃખો ઓછા હળવા થઇ શકે છે. સાચું સુખ શેમાં છે, દુઃખ નિવારણ કઇ રીતે થઇ શકે તે જૈન ધર્મમાં દર્શાવેલ માર્ગાનુસારી ગુણો, મૈત્રી આદિ ભાવના, દાનાદિક પ્રવૃત્તિ, અહિંસા અને દશવિધ ક્ષમાદિક ધર્મોનાં પાલનથી થઇ શકે તેમ છે; તે સામાન્ય ધર્મના એવા ગુણો છે કે તેનું કોઇપણ ધર્મનો અનુયાયી પાલન કરી શકે તેવું છે. તેમાં કોઇ એક ધર્મ કે સંપ્રદાયની વાત નથી. તે આત્મવાદી સર્વ ધર્મમાન્ય સર્વ જીવોને માટે કલ્યાણકારી માર્ગ છે. જીવ માત્રના સુખ દુઃખનો છેવટનો આધાર પોતપોતાના કર્માધીન છે. આ ચૌદ રાજલોક રૂપ સંસારમાં જીવો પૂરતું સર્વત્ર કર્મનું સામ્રાજ્ય પ્રવર્તે છે. એટલે જીવો ઉપર ખરો ઉપકાર તેને આત્મા અને કર્મના સ્વરૂપ વિષે યથાર્થ જ્ઞાન–સમ્યક્ દર્શન જ્ઞાનથી થઇ શકે. સુખ માટે બીજા બધા માર્ગો ઉપાયો ઉપચારિક સહાયક છે. તાત્વિક માર્ગ સાચો ઉપાય તો સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્રની સમજણ અને તેના પાલનનો છે. તેમાં સર્વ જીવો પ્રત્યે તેમને પોતાના આત્મતુલ્ય સમજી અહિંસા ભાવ અને તેનું પાલન મુખ્ય છે. તેથી જ સર્વ વ્રતોમાં અહિંસાને પ્રથમ પ્રધાન સ્થાન આપેલ છે.

અહિંસાની સામે કેટલીકવાર એમ દલીલ કરવામાં આવે છે કે જીવન ધારણ પોષણ માટે આહારાદિક ખાનપાન વિગેરે આવશ્યક છે. અને અનાજ જળપાન વિગેરેના ઉત્પાદન વપરાશમાં હિંસા અનિવાર્ય છે. જીવન ધારણ સાથે અહિંસા અનિવાર્ય સંકળાએલી છે પછી કોઇ મનુષ્ય સંપૂર્ણ અહિંસાનું પાલન કેવી રીતે કરે ? વિગેરે દલીલ થાય છે. આ બાબત એટલું સમજવાની જરૂર છે કે જ્ઞાન વિકાસમાં જેમ ઓછા વધતા અંશે તરતમતા રહે છે છતાં સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન પ્રાપ્તિની શકયતા છે તેમ ચારિત્ર વિકાસમાં પણ અહિંસાની તરતમતા અને સંપૂર્ણતા છે. અહિંસાનું એકલુ પાલન થતું નથી. પણ તે સાથે બીજા વ્રતો અને ક્ષમાદિક દશવિધ ધર્મોનું પણ પાલન થાય છે જે એક બીજાને પૂરક છે. તે ક્ષમાદિક દશવિધ ધર્મમાં તપનો પણ સમાવેશ થાય છે. નવા કર્મબંધમાંથી મુક્ત થવા અને જુના કર્મની નિર્જરા માટે તેમજ દેહ મમત્વમાંથી છૂટવા લગભગ દરેક ધર્મમાં એક અથવા બીજી રીતની તપશ્ચર્યા આવશ્યક માની છે. ભગવાન મહાવીરના સમયમાં તપશ્ચર્યા કરનાર એક તાપસ વર્ગ હતો જે તપશ્ચર્યા દ્વારા મોક્ષ પ્રાપ્તિમાં માનતો હતો. પણ ચારિત્રના બીજા વ્રત પાલનમાં શીથીલ અજ્ઞાન ક્રિયા જડ હતો તેથી આત્મ શુદ્ધિ માટે કોઇ વિશેષ પ્રગતિ કરી શકતો નહિ. પણ જૈન ધર્મમાં તપશ્ચર્યાનું આત્મ વિકાસ માટે પરાકાષ્ટાએ પાલન થાય તેવા નિયમો છે. તેના બાર પ્રકારોમા અનશનરૂપ બાહ્ય તપ અને અભ્યંતર તપરૂપ ધ્યાનની મુખ્યતા છે. તપશ્ચર્યાના બીજા પ્રકારો અનશન અને ધ્યાનની પરાકાષ્ટાએ પહોંચવા સહાયક છે. સંયમધારી મનુષ્ય તેના આધારે મોહનિય વિગેરે ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી આયુષ્ય પૂરૂ થવા આવતાં શુકલ ધ્યાનના ત્રીજા ચોથા પાયા ઉપર આરૂઢ થઇ સર્વથા સર્વ કાળ માટે દેહ મુક્ત, કર્મ મુક્ત થાય છે યાને નિર્વાણ પામે છે. તેવા યોગી પુરૂષોને કોઇપણ જીવની હિંસાનો દોષ લાગવા સંભવ નથી. તેજ ભવમાં મોક્ષ નહિ પામનાર બીજા યોગી પુરૂષો પણ આયુષ્યનો અંત નજીક જાણી છેલ્લા થોડા દીવસો પ્રાયઃ સંપૂર્ણ અનશન વ્રત ધારણ કરે છે અને પરમ શાંતિપુર્વક સમાધિ મરણ પામે છે. આ બાબત તપશ્ચર્યાને લગતા જૈન ધર્મના નિયમો અને જૈન સાધુના સમિતિ ગુપ્તિ અને આહારાદિક નિયમો જાણનાર સહેલાઇથી સમજી શકે છે. આ કાળમાં પણ સાધુ જીવનના નિયમો ઠીક સારી રીતે પળાય છે. જૈનોની તપશ્ચર્યા સર્વત્ર પ્રશંસનીય પ્રસિદ્ધ છે તે તપશ્ચર્યા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનશન સાથે અહિંસાદિ વ્રત પાલન યુક્ત હોય છે જેઓ કોઇને કોઇ રાગાદિક મોહ કારણે ભવોભવ સંસાર ભ્રમણમાં માને છે અને છેવટ નિવૃત્તિમય જીવનમાં માનતા નથી. સર્વથા કર્મમુક્ત દેહાધ્યાસ મુક્ત શુદ્ધ આત્મ સ્વરૂપી નિર્વાણ મોક્ષ સુખમાં માનતા નથી, લોકોના દુઃખ નિવારણ અને ધર્મના ઉદ્ધાર માટે ફરી ફરી અવતાર લેવામાં માને છે તેઓને જીવનપર્યંત આહારાદિક ઉપયોગ વગર અને તેથી થતી અનિવાર્ય હિંસા વગર ચાલે નહિ. એમ માને એટલે બીજા કોઇથી સંપૂર્ણ અહિંસાનું પાલન શક્ય નથી એ માન્યતા ન્યાયયુક્ત સુસંગત નથી. કેટલાક કારણોસર બુદ્ધ ભગવાને તપશ્ચર્યાનો માર્ગ છોડી દીધો તે એક બુદ્ધ ધર્મ સિવાય આ ભારત દેશના સર્વ આર્ય ધર્મોમાં તપશ્ચર્યાને ઉંચું સ્થાન મળેલ છે. અહિંસા બુદ્ધ ધર્મને પણ માન્ય છે. પણ જૈન ધર્મમાં સૂક્ષ્મ અને વ્યાપક અહિંસા અને તપશ્ચર્યાનું જે ઉત્કૃષ્ટ સ્વરૂપ જોવા મળે છે તે અન્ય કોઇ ધર્મમાં મળતું નથી.

હવે અહિંસાના સર્વ શ્રેષ્ઠ પ્રભાવ સ્વરૂપ વિષે થોડો વિચાર કરીએ. અહિંસાનું પાલન કરનાર બીજા કોઇને દુઃખ આપતો નથી અને બીજા કોઇ પોતાને દુઃખ આપે તેના પ્રત્યે ક્ષમાભાવ દર્શાવે છે. તે સર્વ જીવો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, અનુકંપા કરૂણા-ભાવ ધરાવે છે. અધ્યાત્મિક વિકાસ સાધનાર યોગી પુરૂષોમાં તે અહિંસાભાવ એટલો વિકસે છે કે તેમના રોમે રોમ અણુએ અણુમાં તે સર્વ વ્યાપ્ત પ્રતિષ્ઠિત થાય છે. તેથી તેમના સમીપમાં આવનાર ગમે તેવા ક્રોધી હિંસક પરસ્પર જન્મ જાત વૈર સ્વભાવવાળા પ્રાણીઓ મનુષ્યો સૌ પોતાનો હિંસક ભાવ ભૂલી જઇ શાંત થઇ જાય છે. આ અહિંસાનો ઉત્કૃષ્ટ પ્રભાવ છે. પ્રાચીન કાળમાં તેના ઐતિહાસિક દ્રષ્ટાંતો ઘણા છે. આ કાળમાં પણ તે અમુક અંશે અનુ-ભવાય છે. તેવા યોગી પુરૂષોના સંસર્ગમાં આવનારનો અનુભવ છે. પાતંજલ યોગશાસ્ત્રનું **अहिंसायाः प्रतिष्ठायाम् तत्सन्निधौ वैरत्यागः** સૂત્ર અનુભવ યુક્ત વચન છે. જૈન ધર્મના અનુયાયીઓ સૌ જાણે છે કે તીર્થંકર ભગવંતની પર્ષદા–સમવસરણમાં દેવ માનવ પશુ પંખીઓ સૌ આવે છે અને ત્યાં પોતાના પરસ્પર જાતિ સ્વભાવગત વેરઝેર હિંસકભાવ રાગ દ્વેષ ભૂલી જાય છે અને શાંતચિત્તે તીર્થંકર ભગ-વંતના પ્રવચનનું અમૃતરસમય પાન કરે છે. તીર્થં-કરો અને બીજા સર્વજ્ઞ કેવળી ભગવંતોના ઉત્કૃષ્ટ અહિંસામય મૈત્રી કરૂણ ભાવનો તે ઉત્કૃષ્ટ પ્રભાવ છે.

હવે પછીના અંકમાં અહિંસામાંથી પરિણમતા ક્ષમાભાવ ઉપર વિચાર કરશું.

---

નોંધ–સુધારો વૈશાખ માસના અંકમાં પાને ૧૩૭ બીજા પારાની શરૂમાં જીવાદિ પંદર લખેલ છે ત્યાં પંદર નહિ પણ નવ સમજવું. આ લેખકના બીજા લેખોમાં પ્રુફ ખામી વિગેરે કારણે કોઇ કોઇ શબ્દ અક્ષર દોષ સુધારીને વાંચવા.

卐


# ભાડે આપવાનું છે.

ભાવનગર ખારગેટ–દાઊદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે. આ મકાનનો ત્રીજો–ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગ અને ભોગ

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

ભગવાન મહાવીરના રાજગૃહના વર્ષાવાસ દરમ્યાન અનેક પુરુષોએ દીક્ષા લીધી, તેમાં રાજગૃહીના રાજવી શ્રેણિકનો પુત્ર નંદિષેણ પણ એક હતો. નંદિષેણ પોતાની નબળાઇ વિષે સજાગ હતા, તેથી દીક્ષા લીધા પછી અંતરના ઊંડાણમાં પડેલી કામેચ્છા અને ભોગેચ્છાને દૂર કરવા તેમણે ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. આ રીતે તેમણે મનતંત્રનો નિગ્રહ કરી કામવૃત્તિને દબાવી તો ખરી, પણ તેને લાગ્યું કે તેની પ્રતિક્રિયાઓમાંથી તેઓ સદંતર મુક્ત રહી શકયા નથી. પ્રકૃતિથી વિરૂદ્ધ જ્યારે કોઇ લાગણીઓને માનવી દબાવવા જાય છે, ત્યારે તેના પરિણામે શાતા કે શાંતિ મળવાને બદલે ઉલટું તેના મનની પરિસ્થિતિમાં ગૂંચવણો ઉભી થાય છે. આમ છતાં તપના કારણે તેમણે અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી. લબ્ધિઓ પ્રાપ્ત કરવાનું મુશ્કેલ નથી, પણ પ્રાપ્ત કરેલી લબ્ધિઓ જ જીવને મુક્તિનું કારણ બનવાને બદલે બંધનનું નિમિત્ત થઇ જાય છે, અને તેથી જ સાચા જ્ઞાનીઓ લબ્ધિઓના વિટંબણાથી દૂર રહે છે.

એક દિવસ નંદિષેણ મુનિ છઠ્ઠનાં પારણે ગોચરી લેવા જઇ રહ્યા હતા. બ્રહ્મચર્ય અને તપનાં તેજથી તેમની કાયા કામદેવની માફક શોભતી હતી. ચાલતા ચાલતા મુનિરાજ જ્યારે એક ભવ્ય પ્રાસાદ નીચેથી પસાર થઇ રહ્યા હતા, ત્યારે તેના અટારી પર તે પ્રાસાદમાં રહેતી રાજગૃહની સૌથી પ્રસિદ્ધ નર્તિકા દેવદત્તા દંતધાવનની ક્રિયા કરી રહી હતી. રાજગૃહના વિલાસી લોકો આ નર્તિકાના અભિનય, નૃત્ય અને સંગીત કળા પર મુગ્ધ થયા હતા. લોકો તેના સૌન્દર્ય પાછળ ગાંડા હતા, પણ દેવદત્તાએ દેહજન્ય ભોગોથી અલિપ્ત રહેવા માટે પોતે જ પોતાના સંબંધમાં ઇરાદાપૂર્વક એક એવી ખોટી વાત ફેલાવી હતી કે તે વિષકન્યા છે એટલે જે કોઇ પુરૂષ તેનો સ્પર્શ કરશે તેનું ત્યાં ને ત્યાંજ મૃત્યુ થશે. દેવદત્તાએ અટારી પરથી મુનિરાજને જોયાં અને તેમનાં તેજ અને કાંતિથી તે વિસ્મત થઇ. એજ વખતે મુનિરાજને ગોચરી અર્થે બોલાવવા પોતાની દાસીને આજ્ઞા કરી. અને પોતે રસોડામાં ગઈ.

મુનિરાજ દાસીની પાછળ પાછળ રસોડામાં આવ્યા અને ધર્મલાભ આપી પાત્રાં નીચે મૂકયાં. મુનિરાજ પણ નર્તિકાનું સૌન્દર્ય જોઈ વિચારવા લાગ્યા કે માનવલોકની સ્ત્રીમાં પણ શું આવું અદ્ભુત રૂપ હોઇ શકે?

ગોચરીની વસ્તુઓ વહોરાવી બંને હાથ જોડી નમ્રતાપૂર્વક દેવદત્તા બોલીઃ 'મુનિરાજ! આપે મને ધર્મલાભ આપ્યો અને ધર્મના માર્ગે મોક્ષગતિમાં જઇ શકાય છે. હવે બાકી રહ્યો અર્થલાભ !' મુનિરાજ પ્રથમ તો દેવદત્તાની સામે અનિમિષ દૃષ્ટિએ જોઇ રહ્યાં, પણ પછી વિચાર્યું કે આ સ્ત્રીએ ઘણા બાવાઓ જોયા લાગે છે, પણ કોઇ સાચા સાધુના પરિચયમાં આવી હોય એમ લાગતું નથી. નંદિષેણને એની લબ્ધિનું અભિમાન થયું અને એ જ ક્ષણે પોતાની લબ્ધિના ઉપયોગ દ્વારા તેણે નર્તિકાના ઘરમાં રત્નનો ઢગલો કરી દીધો.

મુનિરાજની આવી દિવ્ય શક્તિ જોઇ નર્તિકા ભારે વિસ્મિત થઇ. આ પુરૂષમાં તેણે તેની કલ્પનાનો પતિ જોયો, પણ બીજી જ ક્ષણે તેને ભાન થયું કે સ્ત્રીના સંસર્ગથી સદા માટે દૂર રહેનારા આ તો એક સાધુ છે. એના મનોમનમાં તુમુલ યુદ્ધ જાગ્યું. જ્ઞાન, ગુણ, રૂપ અને શીલ એ ચારે જ્યારે સંયુક્ત રીતે સ્ત્રીને પ્રાપ્ત થાય છે ત્યારે તે સ્ત્રી જગતની એક અસાધારણ શક્તિ બની જાય છે. એનાં કુળ કે જાતિની પછી ખાસ મહત્ત્વતા નથી રહેતી. દેવદત્તા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ આવી એક શક્તિ હતી એટલે મુનિરાજને સંસારી બનાવવાનો દૃઢ નિશ્ચય કરી તે બોલી: 'તમે તમારી સ્વાભાવિક વૃત્તિને ઉપવાસી રાખીને સંસારની લીલા ભૂમિમાંથી નીકળી જઇ મુક્તિના પંથે જઇ તો શકો, પણ મુક્તિની બાબતમાં પણ કસમયે ખોટો લોભ રાખીને જેટલું કરવાનું ટાળશો તેટલું તમારે ભરપાઈ કર્યા વિના ચાલવાનું નથી. આ ઉપરાંત ટાળવાના કરેલા પ્રયત્નો માટે સજા પણ ભોગવવી પડે છે. જુઓ, જે ધનને તમે દૂર કર્યું તેજ ધન તમારા માથે પડયું.'

નર્તિકાની દલીલ સાંભળી મુનિરાજ સ્તબ્ધ થઈ ગયા. તેમણે મેળવેલી મહાન સિદ્ધિને આ સ્ત્રીએ કોડીની કિંમતની બનાવી દીધી હતી. સંસારમાં સ્ત્રીના મનનો તાગ મેળવવા જેટલું કઠિન કાર્ય બીજું કોઈ નથી. મુનિરાજે આ સ્ત્રીના મનનો તાગ મેળવવા અર્થે પૂછયું: "બાઇ! તમે જે કહેવા ઇચ્છો તે સ્પષ્ટ અને અસંદિગ્ધ ભાષામાં ન કહી શકો?"

દેવદત્તા થોડી વાર તો મુનિરાજ સામે અનિમિષ દૃષ્ટિએ જોઇ રહી. સાધુની આંખમાં તેણે કશુંક ન ધારેલું એવું નિહાળ્યું. એક જ ચકોર દૃષ્ટિ માત્રમાં ચતુર સ્ત્રી, પુરૂષને તેના પગથી માથાં સુધી સમજી લે છે. દેવદત્તા કોઇ સામાન્ય નર્તકી ન હતી. તેનો જન્મ એક નર્તકીને કૂખે થયો હતો, પણ એનાં જન્મનો જવાબદાર એક મહાન યોગી હતો. એક યોગભ્રષ્ટ મહાત્માની એ પુત્રી હતી. નંદિષેણે અધ્યયન દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તે જ્ઞાન દેવદત્તાને વારસામાં મળ્યું હતું.

મુનિરાજને જવાબ આપતાં બંને હાથ જોડી મૃદુ હાસ્ય સાથે દેવદત્તા બોલી: 'મુનિરાજ! આપે સંયમ ધર્મ સ્વીકાર્યો છે અર્થાત્ સુખકર વૃત્તિને વળગી રહી દુઃખકર વૃત્તિથી દૂર રહેવાનો માર્ગ અપનાવ્યો છે. અમુક પ્રત્યે તમને સદાગ્રહ છે જ્યારે બીજા પ્રત્યે તમને દુરાગ્રહ છે. એક પ્રત્યે રાગ છે. અન્ય પ્રત્યે વિરાગ છે. ગ્રહણ અને વર્જન, બંધન અને મુક્તિ, દ્વેષ અને રાગ, ભોગ અને યોગ–આમ પ્રત્યેક વિચારણામાં એકબીજાથી વિરૂદ્ધ એવા ભાવો રહેલાં છે. એક પ્રત્યે ઉપેક્ષા, અન્ય પ્રત્યે અનુરાગ. પરન્તુ એક વૃત્તિને સારી ગણવી અને બીજીને નરસી ગણવી એ વૃત્તિને સમજવા માટેનો યોગ્ય માર્ગ જ નથી. માનવ એ માર્ગે મહામાનવ બની શકતો નથી. સાચો સાધક તો એ છે કે જે આ બન્ને વૃત્તિઓથી પર થઇ ગયો હોય. જ્ઞાનીને મન જેમ માટી અને સોના વચ્ચે કશો તફાવત નથી, તેમ આવા સાધક માટે યોગ અને ભોગ એ ભિન્ન ભિન્ન વૃત્તિ ન રહેતાં એક રૂપ થઇ જાય છે. ગ્રહણ અને વર્જન, બંધન અને મુક્તિ, દ્વેષ અને રાગ, ભોગ અને યોગ, બંને સરખાં જ સત્ય છે. એકમાં બીજાનો વાસ છે, એમાંનું એકેય બીજા વગર સત્ય નથી. તમે મારી સાથે ગૃહસ્થાશ્રમ ભોગવો, એ શરતે હું આ મહાન સત્યની આપને પ્રતીતિ કરાવવા ઇચ્છું છું.'

નર્તકીની વાત એક ચિત્તે સાંભળતાં મુનિરાજ શૂન્ય મનસ્ક બની ગયા. મુનિરાજ કોઇ સામાન્ય માનવી ન હતા. તેઓ રાજગૃહીના રાજવી શ્રેણિકના પુત્ર હતા અને સંસારમાં શકય એટલા બધાં જ સુખો પ્રાપ્ત થયા હોવા છતાં તેને લાત મારી ત્યાગ–તપ–સંયમના માર્ગે ગયા હતા. નર્તકીની દલીલથી તેઓ મુગ્ધ થયા. છેલ્લા કેટલાક વખતથી જે વાત તેના મનને મૂંઝવી રહી હતી, તેનું અંશતઃ સમાધાન તેને નર્તકીની દલીલમાંથી સાંપડયું. તેને એમ લાગ્યું કે ભોગો પ્રત્યે ઘૃણા અને નફરત કેળવવી ભોગોથી અલિપ્ત રહેવાના માર્ગમાં ભવ્યતા નહિ પણ તુચ્છતા છે. જે ભવ્યતા અને પૂર્ણતા ત્યાગમાં રહેલાં છે, તે ભવ્યતા અને પૂર્ણતા શું ભોગમાં પણ ન સંભવી શકે? એવી એક આછી શંકા તેના મનમાં ઊંડાણમાં જાગી અને તેના સમાધાન અર્થે આ સ્ત્રીની ઇચ્છાને તાબે થવાનો માર્ગ તેને યથાર્થ લાગ્યો.

મુનિરાજે નર્તકીની વાત માન્ય રાખતા કહ્યું: 'દેવદત્તા! તમારી વાત તો મને મંજુર છે, પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક શરતે. ભોગ અને ત્યાગ એ એક જ સિક્કાના બે પાસા જેવા હોવા છતાં ત્યાગના માર્ગે જે શાંતિ અને આનંદ મળે છે, તેવા જ શાંતિ અને 'આનંદ ભોગના માર્ગે પણ મળી શકે એ વાતમાં મને શંકા રહે છે, એટલે...'

અધવચ્ચેથી મુનિરાજને બોલતા અટકાવી, તેમને શું કહેવું છે તે જાણે એ સમજી જ ગઈ હોય એમ દેવદત્તા બોલી: 'આપણા બંનેની શંકા ભિન્ન ભિન્ન પ્રકારની હોવા છતાં તેની ભૂમિકા એક સમાન છે, અને તેના નિચોડ માટે જ આપણે આ પ્રયોગ કરવાનો છે. પ્રત્યેક જીવન એક પ્રકારની પ્રયોગશાળા જેવું છે. આ પ્રયોગના અંતે ભોગ અને યોગ આપણા માટે ભિન્ન ભિન્ન વૃત્તિરૂપ મટી એકરૂપ બની જશે. એ વખતે જેટલી સહેલાઈથી સાપ પોતાની કાંચળી ફેંકી દે છે, તેટલી જ સહેલાઈથી આપણે ભોગનો માર્ગ તજી દેશું. પણ એ પરિસ્થિતિમાં પ્રાપ્ત થનાર યોગ સાધના એ આપણો સ્વાભાવિક ધર્મ બની રહેશે, મોહ અને દુઃખના કારણે ઉત્પન્ન થયેલ વૈરાગ્યના જોરે માથે બેસાડી દીધેલો અગર ઓઢી લીધેલો નહિ.'

પછી તો નંદિષેણ અને દેવદત્તાનો ગૃહસ્થાશ્રમ શરૂ થયો. નંદિષેણ ભારે વિચક્ષણ હતા. એક બાજુથી. નર્તકીના પ્રાસાદના એક ભાગને ઉપદેશગૃહ બનાવી દરરોજ દશ જણને પ્રતિબોધ પમાડી દીક્ષા માટે તૈયાર કરતા, તો બીજી બાજુ દેવદત્તાની સાથે ચિત્રશાળામાં વિરાજતા હોય ત્યારે બંને પાત્રો યૌવનના માદક નશામાં ચકચૂર થઈ જતા. અન્યોઅન્યે એક બીજામાં પોતાના પ્રાણ પાથરી દીધાં અને જીવનનું પ્રથમ સોપાન મંગળરૂપ બની ગયું. ભિન્ન ભિન્ન શરીર અને આત્માને બદલે બે શરીર અને બે આત્માઓએ એવી તો એકત્વતા પ્રાપ્ત કરી, કે જાણે બે ભિન્ન ભિન્ન દેહમાં એક જ અવિભક્ત આત્મા ન રમી રહ્યો હોય! લોકો એમનો ગૃહસ્થાશ્રમ જોઈ બોલી ઉઠતાં: 'ખરેખર! આ દંપતીએ ભોગને યોગમાં પલટ્યો છે અને યોગનું ભોગમાં રૂપાંતર કર્યું છે.' ત્રાજવાના એક પલ્લામાં ભોગ અને બીજા પલ્લામાં યોગને રાખી ત્રાજવાની દાંડી એમણે સમતોલ રાખી હતી, કોઈ એક બાજુ જરાએ એ નમતી દેખાતી નહોતી.

આ રીતે બાર વરસો વીત્યા. એક દિવસે નંદિષેણ નવ જણને પ્રતિબોધ પમાડી દશમા એક સોનીને દીક્ષાના માર્ગે જવાનું સમજાવતાં કહી રહ્યા હતા: 'ચંદનવૃક્ષ થકી ઉપજેલો અગ્નિ પણ જેમ દઝાડે છે, તેમ ધર્મ થકી ઉપજેલો ભોગ પણ પ્રાયે જીવને અનર્થરૂપ થાય છે, તેથી જ જ્ઞાનીપુરુષોએ કહી દીધું કે ભોગની ઉત્પત્તિમાં પાપ છે, ભોગની પ્રાપ્તિમાં પાપ છે અને ભોગનાં ઉપભોગમાં પણ પાપ છે.'

દેવદત્તા જેવી સોહામણી અને નમણી નારીની સાંનિધ્યમાં રહેવા છતાં નંદિષેણ આવો ઉપદેશ આપી રહ્યા હતા, એટલે પેલો સોની જરા ઉશ્કેરાયો અને કાંઈક આવેશમાં આવી જઈ બોલ્યો: 'ભોગની ઉત્પત્તિમાં પાપ, ભોગની પ્રાપ્તિમાં પાપ અને ભોગના ઉપભોગમાં પણ જો પાપ રહ્યું હોય, તો પછી એવા ભોગો ભોગવતા તમે અહિં કેમ પડી રહ્યા છે?'

બરોબર એજ સમયે નંદિષેણને ભોજન અર્થે તેડવા દેવદત્તા ત્યાં આવી. પેલા સોનીએ નંદિષેણને પૂછેલો પ્રશ્ન સાંભળી તેના હૃદયને એક પ્રકારનો આંચકો લાગ્યો. નંદિષેણે સ્વસ્થ રહી કહ્યું: 'બંધુ! મનના ઉપર કોઈ પદાર્થનો આઘાત થવાથી મન પ્રતિક્રિયા કરે છે અને મનની આ પ્રતિક્રિયા જે રૂપ ધારણ કરે છે, તે રૂપમાં આપણે તે પદાર્થ જોઈ શકીએ છીએ. એક ક્ષુદ્ર જંતુ કાલુ માછલીની છીપમાં પ્રવેશ કરીને તેના શરીરમાં ખંજવાળ ઉત્પન્ન કરે છે, અને તેથી કરીને માછલીના શરીરમાંથી એક પ્રકારનો ચળકતો ચીકણો રસ ઝરીને તે જંતુની આસપાસ લપેટાય છે. આના પરિણામે બંધાયેલા આકારને આપણે મોતી કહીએ છીએ. આ રીતે,



For Private And Personal Use Only

સમસ્ત બ્રહ્માંડ પણ આપણે પોતે આસપાસ પાથરેલી આપણી જ વૃત્તિઓની સમષ્ટિ છે–આપણી પોતાની કૃતિ છે, એની ખાતરી કરવા યોગાશ્રમમાંથી ભોગના માર્ગનો અનુભવ કરવા આવવું પડ્યું. પરન્તુ ગૃહસ્થાશ્રમમાં એ અમે નવો પ્રયોગ કરી પૂરવાર કર્યું છે, કે જે શાંતિ અને ચિત્ત–પ્રસન્નતા ત્યાગ ધર્મમાં અનુભવાય છે, તેજ શાંતિ અને પ્રસન્નતા ગૃહસ્થાશ્રમમાં પણ માણી શકાય છે. અમારા પ્રયોગની મુદત આજે પૂરી થાય છે, એટલે ભોજન લઇને હું અને મારા પત્ની પાછા આજેજ ત્યાગ ધર્મના સ્વીકાર અર્થે જઇ રહ્યા છીએ.'

ચિત્તને જરા પણ ક્ષોભની અસર ન થવા દેતાં દેવદત્તા મુક્ત કંઠે હસી અને બોલી 'ભાઇ! તેમણે આજે નવ જણને દીક્ષા માટે તૈયાર કર્યાં છે, હવે તમે પણ અમારી સાથે જોડાઇ જાઓ તો આજે ભગવાન મહાવીરના શ્રમણ સંઘમાં અગિયાર સાધુઓ અને એક સાધ્વીની સંખ્યા વધશે.'

નંદિષેણ, દેવદત્તા અને પેલા સોનાએ પણ તેજ દિવસે સંયમ ધર્મનો સ્વીકાર કરી દીક્ષા લીધી.

૧૭૫ મા પાનાનું અનુસંધાન

એમના કૃતિકલાપની નોંધ મેં Descriptive Catalogue of the Government Collections of manuscripts (Vol. XIX, sec. 2, pt. 1, pp. 384–385)માં લીધી છે જ્યારે એમની સંસ્કૃત કૃતિઓનો પરિચય મેં જૈન સંસ્કૃત, સાહિત્યનો ઇતિહાસ (ખંડ ૧–૨)માં આપ્યો છે. આ કાર્ય મને "મુક્તિ–કમલ જૈન મોહનમાલાના કાર્યાધિકારી મહાશયે તા. ૬–૭–૫૨ને રોજ સોંપ્યું હતું. એ કાર્ય પૂર્ણ કરી મેં મારું સમગ્ર લખાણ એમને તા: ૧૬–૧૨–૫૩ને રોજ પહોંચતું કર્યું હતું. આ પુસ્તકનો પ્રથમ ખંડ સને ૧૯૫૭માં પ્રસિદ્ધ થયો છે અને દ્વિતીય ખંડ (ઉપખંડ ૧, ભા. ૧) એ વર્ષથી છપાવાય છે. એના અત્યાર સુધીમાં ૨૪૦ પૃષ્ઠો છપાયા છે. પ્રથમ ખંડના ચન્દ્રપ્રભા યાને હૈમકૌમુદી, હસ્તસંજીવન યાને સિદ્ધજ્ઞાન તથા એની સામુદ્રિકલહરી નામની સ્વોપજ્ઞ વૃત્તિ, અને એનું સ્વોપજ્ઞ ટિપ્પણ, રમલશાસ્ત્ર, ઉદયદીપિકા તેમજ વર્ષપ્રબોધ યાને મેઘમહોદય કૃતિઓને સ્થાન અપાયું છે. અત્યારે લલિત સાહિત્ય નામનો ઉપખંડ છપાય છે એટલે આ મેઘવિજય ગણિકૃત કાવ્યો એમાં રજૂ કરાયાં છે. એમની બાકીની સંસ્કૃત કૃતિઓ બીજા ઉપખંડમાં છપાશે. 'પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય" નામના મારા પુસ્તકમાં આ મેઘવિજયગણિ યુક્તિ પ્રબોધનાટક યાને વાણારસીમયભેય વિષે કેટલીક વિગતો છે. એની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૧૮૭–૧૯૮)નો સારાંશ મેં આર્હતદર્શન દીપિકા (પૃ. ૫૯૫ ઇ.)માં આપ્યો છે.

(૪) મેઘવિજય–એમને અંગે "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ"માં બે સ્થળે નોંધ છે—

(અ) "૧૭૮૯માં ત૦ વિજયદાનસૂરિ–ગંગાવિજય–મેઘવિજય-ભાણવિજય શિ. લક્ષ્મીવિજયે અજિતપ્રભસૂરિકૃત શાન્તિનાથ ચરિત્ર પર" બાલાવબોધ રચ્યો છે–પૃ. ૬૬૩.

(આ) "મેઘવિજય ૧૭૧૩–૨૧"–પૃ. ૬૬૪.

આ ઉપરથી જાણી શકાય છે કે આ મેઘવિજયના ગુરુનું નામ ગંગવિજય, એમના શિષ્યનું નામ ભાણવિજય અને પ્રશિષ્યનું લક્ષ્મીવિજય છે એઓ 'તપા'ગચ્છના છે અને એમનો સમય વિક્રમની ૧૭મી ૧૮મી સદી છે ત્યારબાદ ટુંક સમયમાં મેઘવિજય નામના કોઇ મુનિવર થયા હોય તો તેની નોંધ જૈ. સા. સં. ઇ. માં નથી. મેઘવિજય નામના એક મુનિવર કે જેઓ કાલાંતરે 'સૂરિ' બન્યા હતા અને ત્યારથી 'વિજયમેઘસૂરિ' તરીકે ઓળખાતા હતા. તેમનો કેટલાંક વર્ષો થયાં સ્વર્ગવાસ થયો છે. અત્યારે 'મેઘવિજય' નામના કોઇ મુનિવર વિદ્યમાન હોય તો તેની મને ખબર નથી.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી

પ્રવચનકાર: **શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ**

( સ્વ. પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજીની સ્વર્ગારોહણ તિથિ જેઠ વદિ ત્રીજ તા. ૬-૬-૧૯૬૬ સોમવારના રોજ મુંબઇમાં ભાયખલામાં પૂ. સાધ્વીજી મૃગાવતીજી મ. ની નિશ્રામાં ઉજવવામાં આવી હતી. તે પ્રસંગે આપણી સભાના ઉપપ્રમુખ શ્રી ફત્તેહચંદભાઈ ઝ. શાહે કરેલું પ્રવચન )

**આજે** સ્વ. પૂ. આ. મ. શ્રી બુદ્ધિસાગરજીસૂરિની સ્વર્ગારોહણ તિથિનો ૪૧ મો મંગલમય દિન છે. ચાળીશ વર્ષોથી એમની પુણ્યતિથિ અવિરતપણે મંડળ ઊજવતું આવ્યું છે. એમનું ૧૦૮થી અધિક ગ્રંથો રચનારૂં સાહિત્ય જીવન, ભજનપદ સંગ્રહના અનેક વિશાળ બાર ભાગોમાં કાવ્ય સરિતાને વહાવનારૂં કવિત્વ જીવન, એમનાં સંયમી જીવનમાં વિલીન થયું હતું. આ રીતે એમણે સ્વ-પર ઉપકાર સાધ્યો છે. તેઓશ્રી સમ્યગ્જ્ઞાન, ચારિત્ર અને યોગરૂપ ત્રિવેણીના મંગલધામ હતા.

કર્મયોગ અને આનંદઘનપદ સંગ્રહ જેવા મહાકાય ગ્રંથોનું એમણે સર્જન કર્યું છે. એમના વિભૂતિમય જીવનની અનેક રેખાઓ ‘યોગનિષ્ઠ આચાર્ય’ ગ્રંથમાં ભરી પડી છે પરંતુ તે સંબંધી વિશેષ નહિ કહેતાં માત્ર એમના સંબંધીની આશ્ચર્યકારક ઘટનાઓ આપની સમક્ષ જણાવું છું.

(૧) વિજાપુરમાં સં. ૧૯૦૩માં પટેલ કુટુંબમાં જન્મ અને વિજાપુરમાં સં. ૧૯૮૧માં સ્વર્ગવાસ. પૂ. આ. શ્રી વિજયનેમિસૂરિજીનો પણ મહુવામાં જન્મ અને મહુવામાં જ સ્વર્ગવાસ. આ બન્ને વિભૂતિઓ માટેની અલૌકિક ઘટના છે.

(૨) સં. ૧૯૭૩માં ભગવદ્ ગીતાની શૈલિને અનુસરીને સ્વતંત્ર રીતે મહાકાય ગ્રંથ ‘કર્મયોગ’ લખ્યો. તેનું મેટર લો. મા. તિલકને માંડલેની જેલમાં તપાસવા મોકલ્યું. તે ઉપરથી લો. મા. તિલકે તેમના ઉપર એક પત્રમાં જણાવ્યું કે ‘Had I known that you are writing Karmayoga, I **might not have written** my Karmayoga’ અર્થાત્ આપનાં કર્મયોગનાં પ્રુફો મને પહેલાં મળ્યાં હોત તો હું ગીતાનો કર્મયોગ જેલમાં લખત નહિ. આ રીતે કર્મયોગનું લખાણ ઘણું ઉચ્ચ, ગૃહસ્થ અને સાધુઓ માટેના કર્મયોગનું દિગ્દર્શન વિશાળ પ્રમાણમાં કરાવનારૂં અને સંખ્યાબંધ જૈનોને રાજકીય બાબતોમાં ભાગ લેવા સૂચવનારૂં અને જૈનોની નિર્માલ્યતા ખંખેરી નાંખી ‘વીર’ બનવા પ્રેરનારૂં છે.

(૩) ભજનપદ સંગ્રહ ભા. ૨ પા. ૪૨૦ માં લગભગ પચાસ વર્ષ પહેલાં એક યોગીને છાજે તેવી આર્ષદૃષ્ટિ (Clairvoyance)થી કહ્યું છે કે—

રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે,
એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે.
—એક દિન એવો આવશે.

આ ભવિષ્ય કોઈ રાજા મહારાજાઓના જ્યોતિષીએ પણ ભાખેલું નહોતું.

(૪) આનંદઘન પદસંગ્રહ ભાવાર્થના વિશાળકાય ગ્રંથમાં પા. ૧૫૫માં જણાવ્યું છે કે-વેદ અથવા બૌદ્ધધર્મના સિદ્ધાંતોનો ફેલાવો થવા માંડશે કે તુરત દુનિયાનું લક્ષ્ય જૈનશાસ્ત્રો જોવામાં ચોંટશે અને જૈન શાસ્ત્રોની અનેકાંત શૈલિથી દુનિયા ઉપર જૈનધર્મનાં સૂર્યના કિરણો ફરીથી એકવાર સર્વત્ર પ્રકાશ આપશે. જૈન ધર્મની પડતી થાય છે તેમ કેટલાકને લાગતું હશે પણ કેટલાક વર્ષ પછી યુગપ્રધાનો અવશ્ય જન્મ લેશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫, હક્કાવલિ સુબોધ કાવ્યગ્રંથમાં-પા. ૭૫ મે નીચે મુજબ કથન છે.

(૧) એકવીશમી સદી માંહે,
થાશે યુગપ્રધાનો ચાર,
એકએકથી મહાચડીઆતા,
જૈન જગતશાસન જયકાર.

(૨) એકવીસમી સદી માંહે દેશો,
એક એકથી થવા ચડીઆત;
એક બીજાની સ્પર્ધાથી,
યુદ્ધો કરશે અનેક જાત.

(૩) એકવીશમી સદીમાંહે એશીઆ,
બળ કળ બુદ્ધિથી સ્વાતંત્ર્ય,
એક્કો કરી મેળવવા માટે,
સજ્જ થશે ધરી યંત્ર ને તંત્ર.

સ્વ. બાપજી શ્રી સિદ્ધિસૂરીશ્વરજીને તેમના ૧૦૪ વર્ષની ઉમ્મરના સ્વર્ગવાસ અગાઉ ત્રણ માસ પહેલાં આ ભવિષ્યકાળની હકીકત શ્રીયુત મોહનલાલ જમનાદાસે વાંચી સંભળાવી હતી. જેથી જૈન શાસનના સુંદર ભવિષ્ય માટે તેમને સંતોષ થયો હતો.

આવા યોગી મહાત્માની સ્વર્ગવાસ તિથિ ઊજવવાનો હેતુ એ હોય છે કે તેમનાં પુસ્તકો વાંચવા, વિચારવા અને બની શકે તેટલો જનસમાજમાં વિસ્તાર કરવો-એ હોય છે. બની શકે તે રીતે એમના મહાકાય પુસ્તકોમાંથી Short and sweet સાહિત્ય તૈયાર કરી સમાજમાં વિતરણ કરવું જોઈએ. એમનાં શિષ્યો પૂ. આ.મ. કીર્તિસાગરજી, પૂ. આ.મ. કૈલાસસાગરજી, પૂ. પં. મહોદયસાગરજી, પૂ. પં. સુબોધસાગરજી તથા પૂ. મુ. દુર્લભસાગરજી વિગેરે મુનિરાજોને વિનંતિ કે ભવિષ્યની પ્રજાને ઉપયોગી સાહિત્ય તૈયાર કરવા તરફ ખાસ લક્ષ્ય આપે.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી out print થયેલો સમાધિશતક ગ્રંથ માટુંગા જૈનસંઘની સહાયથી છપાઈ ગયો છે. શિવસંઘ તરફની સહાયથી યોગદીપક ગ્રંથ છપાશે. શ્રી મૂળજીભાઇ જગજીવનદાસ તરફની સહાયથી અધ્યાત્મમૂર્તિ શ્રી મણિચંદ્રજીની સઝાયોવાળો આત્મદર્શન ગ્રંથ પણ છપાઇ ગયો છે. પૂ. આ.શ્રી કીર્તિસાગરજી હ. ભજનપદસંગ્રહના બે વિભાગો વિવેચન સાથે પ્રકાશિત થઈ ગયેલા છે તેમજ પૂ. મુ. દુર્લભસાગરજી હ. જૈનોપનિષદ્, શિષ્યોપનિષદ્ તથા રત્નદીપ ગ્રંથો-અમદાવાદથી પ્રકાશિત થઈ ગયા છે. જ્ઞાનામૃત તથા કર્મયોગ કર્ણિકા ભા. ૨ મંડળ તરફથી-કર્મયોગ ગ્રંથના અમુક ભાગ રૂપે પ્રથમ પ્રકાશિત થઇ ગયા છે.

મહાવીરગીતા નામનું ૨૯૬૨ શ્લોકોનું સ્વ. બુદ્ધિસાગરજીનું હસ્તલિખિત પુસ્તક ગત વર્ષે પાદરામાં રહેલા સાહિત્યમાંથી 'અપ્રસિદ્ધ' મળ્યું છે. તે હાલ મૂળ પૂ. દુર્લભસાગરજી હ. છપાય છે. તે પ્રકાશિત થયા પછી તેનું ભાષાંતર કરવામાં આવશે અને તે છપાશે.

અધ્યાત્મ મહાવીરની પૂ. સ્વ. બુદ્ધિસાગરજીના હસ્તલિખિત બંને પુસ્તકોની ફોટો પ્રીંટ-કોપી તૈયાર થયેલ છે-પ્રકાશનનો નિર્ણય હવે પછી થશે.

સ્વ. બુદ્ધિસાગરસૂરિના પ્રસ્તુત ગ્રંથો આપણે વાંચવાનો, વિચારવાનો અને સમજવાનો પ્રયત્ન કરીએ અને ઇચ્છીએ કે એ વિભૂતિએ સંયમી જીવનમાં તૈયાર કરેલા અસાધારણ સાહિત્ય ગ્રંથોમાંથી આપણને પ્રકાશ મળે અને ભવિષ્યની પ્રજા તેમાંથી માર્ગદર્શન મેળવી આધ્યાત્મિક સંપત્તિ-સવિશેષપણે પ્રાપ્ત કરે. ખરેખર એઓશ્રી Born ascetic, Born poet, અને Born author હતા. અર્થાત્ યોગી, કવિ, અને લેખક તરીકેની જન્મ જન્માંતરની તૈયારી કરીને આવેલ હતા. એઓશ્રી અક્ષર દેહે ખરેખર અમર છે. એમને આજે વંદનાજલિ અર્પીને યત્કિંચિત્ કૃતાર્થ થઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાનનામક મુનિવરોઃ લેખાંક ૪

(લે પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

('મેઘવિજય' નામક શ્રમણો)

સમકાળે તેમજ કાલાંતરે એકજ નામની સમાન-નામક વ્યક્તિઓ હોય છે આમાં જૈન મુનિવરોનો-શ્રમણોનો પણ સમાવેશ થાય છે. એથી કેટલીકવાર ગોટાળો ઉદ્‌ભવે છે. એમાંથી મારા જેવો બચી શકે એ આશયથી મેં "સમાન-નામક મુનિવરો" નામની લેખમાળા શરૂ કરી હતી એના નિમ્નલિખિત ત્રણ લેખાંકો અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયા છે.

લેખાંક ૧: 'શાન્તિ'નામકસૂરિઓ [ જૈન સત્ય પ્રકાશ (વર્ષ ૧૫), ]

લેખાંક ૨: 'મહેશ્વર' નામકસૂરિઓ [જૈ. સ. પ્ર. (વ. ૧૬, અં. ૬) ]

લેખાંક ૩: 'મુનિચન્દ્ર' નામક મુનિવરો [ જૈ. સ. પ્ર. (વ. ૧૬, અં. ૯, ૧૦) ]

આ વિષયના મારા કેટલાક લેખો અમુદ્રિત છે. એ પૈકી ઉપર્યુક્ત એક લેખ આજે પ્રકાશનાર્થે હું રજૂ કરું છું.

વિક્રમની સત્તરમી સદી પૂર્વે તો 'મેઘવિજય' નામના કોઈ જૈન શ્રમણ થઈ ગયાનું જાણવામાં નથી. એ સદીમાં આ નામના જે શ્રમણો થયા છે તેમને વિષે થોડુંક કહીશ.

(૧) 'ખરતર'ગચ્છના મેઘવિજય. એઓ સમય-સુન્દરગણિના શિષ્ય થાય છે. એમને માટે આ ગણિએ વિ. સં. ૧૬૭૨માં વિશેષશતક રચ્યું હતું. આની એક હાથપોથી કર્તાએ જાતે પોતાના આ મેઘવિજય નામના શિષ્ય માટે પાટણમાં લખી હતી. એમાં એમણે એ વર્ષે પડેલા ભયંકર દુકાળનું વર્ણન કર્યું છે. એમાં સૂચવાયું છે કે એક મણ અનાજનો ભાવ પાંચ રૂપિયા હતો.

(૨) ઉપાધ્યાય મેઘવિજય (વિજય પ્રશસ્તિ નામના મહાકાવ્ય ( પૃ. ૫૯૭-૫૯૮ )માં એમનો ઉલ્લેખ છે, એઓ વિ. સં. ૧૬૫૬માં 'ઉપાધ્યાય' બન્યા હતા.

જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પૃ. ૬૫૫, ટિ. ૫૩૭) દિગ્વિજય મહાકાવ્યની પ્રસ્તાવના (પૃ. ૩)માં આ ઉપાધ્યાયને વિજયતિલકસૂરિ રાસમાં નિર્દેશાએલા નન્દિવિજય વાચકના સમાનશીલ સહકારી કહ્યા છે.

(૩) મહોપાધ્યાય મેઘવિજયગણિ. એઓ 'જગદ્‌ગુરૂ' હીરવિજયસૂરિના સંતાનીય થાય છે. એમના ગુરૂનું નામ કૃપાવિજય અને પ્રગુરૂનું નામ કમલવિજય છે. એઓ મેરૂવિજયના ગુરૂ અને સુન્દર-વિજયના પ્રગુરૂ થાય છે. એઓ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિના સમકાલીન થાય છે, પરંતુ તેમાંથી એકે પોતાની કોઇ કૃતિમાં અન્યનો ઉલ્લેખ કર્યો હોય એમ જણાતું નથી, જોકે બંને 'તપા'ગચ્છના છે અને એક જ પૂર્વજના સંતાનો છે એટલુંજ નહિ પણ એકાદ સમાન વિષય તો બંનેએ નિરૂપ્યો છે. મહોપાધ્યાય મેઘવિજયગણિ વિષે એમના જીવન અને કથનને અંગે છૂટાછવાયાં વિવિધ લખાણો થયાં છે. એમાં એમના જીવન વિષે તેમજ એમણે રચેલા સાહિત્ય વિષે માહિતી અપાઇ છે. એના આધારે એમને અંગે શ્રી હરિભદ્રસૂરિ, વિનયસૌરભ અને યશોદોહનની જેમ એક પુસ્તક તૈયાર કરવાની મારી ભાવના છે. અત્યારે તો અહીં એટલુંજ કહીશ કે એમણે વ્યાકરણ, જ્યોતિષ, લલિત સાહિત્ય, ન્યાય અને અધ્યાત્મ સંબંધી કૃતિઓ રચી છે. લલિત સાહિત્યમાં પાદપૂર્તિરૂપ કાવ્યો તેમજ અનેકાર્થક કૃતિઓ તરીકે પંચતીર્થ સ્તુતિ તથા સપ્તસન્ધાન મહાકાવ્ય અનેરી ભાત પાડે છે.

[ અનુસંધાન પૃ. ૧૭૨ ઉપર ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શા પ રી આ

બનાવનાર

બારજીસ
લાઈફ બોટસ
ટગ્ઝ
ડ્રેજર્સ
પેસેન્જર સ્ટીમર્સ
પોન્ટુન્સ
મુરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ વિગેરે

બનાવનાર

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફયુઝ હેન્ડ કાર્ટસ
પેલ ફેન્સીંગ
લેડ-યુલાઈટ ( લેડલુલ )
મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લીમીટેડ

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૪૪૦૦૭૧/૭૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઈ નં. ૧૨ (ડી.ડી.)
ફોન નં. ૭૦૮૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઈ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક

'આત્માનંદ પ્રકાશ'નો આવતો અંક શ્રાવણ-ભાદ્રપદના ખાસ પર્યુષણ અંક તરીકે બીજા શ્રાવણ વદિ છઠ મંગળવાર તા. ૬-૯-૧૯૬૬ના રોજ પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારીને અંગે આ માસિક ખોટમાં ચાલે છે, એમ છતાં જ્ઞાન-પ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને એને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતું કરી રહ્યા છીએ અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "પર્યુષણ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી સારી રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ. તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ છે કે તેઓ પોતાના લેખો વેલાસર અમોને મોકલી અમને આભારી કરે.

વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ સંસ્થાઓને અમારી વિનંતિ છે કે પર્યુષણ ખાસ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી **જ્ઞાનપ્રચારના** અમારા કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

## —જાહેરાતના દરો—

પેજ આખું, રૂા. ૩૦. પેજ અર્ધું, રૂા ૧૮. ટાઈટલ પેજ ત્રીજું, રૂા. ૪૦ ટાઇટલ પેજ ચોથું રૂા ૫૦

**આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.**

## શ્રી જૈન આત્માનંદ પ્રકાશ : ભાવનગર

---

## ખાસ વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.

## ભેટના પુસ્તક માટે વિજ્ઞપ્તિ

શ્રી આત્માનંદ પ્રકાશનું ભેટનું પુસ્તક પ. પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજશ્રી વિરચિત 'ચાર સાધન' તૈયાર છે. ચાલીસ પૈસાની પોસ્ટ ટીકીટો મોકલીને સભ્ય સાહેબોને તે મંગાવી લેવા વિનંતિ છે.

---

### સ્વર્ગવાસનોંધ

સાણંદ નિવાસી સંઘવી કેશવલાલ નાગજીભાઇ સ્વર્ગવાસી થયા છે. તેની નોંધ આ સભા ખૂબ દુઃખ-પૂર્વક લે છે તેઓ આ સભા પ્રત્યે ખૂબ લાગણી રાખતા હતા અને આ સભાના આજીવન સભ્ય હતા તેમનો આત્મા શાશ્વત શાંતિ પામે તેવી પ્રાર્થના કરીએ છીએ.

---

ભાવનગર નિવાસી શાહ પન્નાલાલ વર્ધમાન અષાડ સુદિ ૫ ગુરુવાર તા. ૨૩-૬-૬૬ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયા છે તેની નોંધ લેતા અમે ઘણીજ દિલગીરી અનુભવીએ છીએ. તેઓ સ્વભાવે મીલનસાર તેમજ ખૂબ ધર્મપ્રેમી હતા. સભા પ્રત્યે ખુબ લાગણી ધરાવતા હતા તેઓ આ સભાના આજીવનસભ્ય હતા પરમ કૃપાળુ શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ ) १०-००

२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ भा. २जो (પાંચ અને ૭) ६-००

३ जैनमेघदूत २-००

प्रकरण संग्रह (પ્રતાકારે) (જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) [illegible]-५०

५ त्रिषष्ठी पर्व भा. १लो. (મૂળ સંસ્કૃત) ६-००

६ „ भा. २जो ( „ ) ८-००

७ „ (પ્રતાકારે) १०-००

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

८ सम्मतितर्कमहार्णवतारिका........ १५-००

९ तत्त्वार्थाधिगमसूत्रम्.................. १५-००

## લખો :—શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી અને પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only